# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

***************************************************

**1)** સાયપ્રસ સાથે આર્થિક સંબંધોને ગાઢ બનાવવાની ભારતની પ્રતિબદ્ધતાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પુનરોચ્ચાર કર્યો - આજે સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ સાથે વાટાઘાટો.

**2)** અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 80 DNA નમૂના મૅચ થયા. 33 પાર્થિવ દેહ મૃતકોના સ્વજનોને સોંપાયા.

**3)** મહારાષ્ટ્રમાં પુણેના કુંડમાલાના ઇન્દ્રાયણી નદી પરનો પુલ તૂટી પડતા ચારનાં મોત.

**4)** ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષને કારણે વૈશ્વિક ઇંધણના ભાવમાં વધારો.

**5)** ભારતીય મુક્કાબાજ નિશાંત દેવે સુપર વેલ્ટરવેઇટ સ્પર્ધામાં બીજો મૂકાબલો જીતી લીધો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM CYPRUS-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની સત્તાવાર મુલાકાત દરમિયાન લિમાસોલમાં બિઝનેસ રાઉન્ડટેબલને સંબોધિત કરતાં સાયપ્રસ સાથે આર્થિક સંબંધોને ગાઢ બનાવવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું, 23 વર્ષમાં ભારતીય પ્રધાનમંત્રી દ્વારા સાયપ્રસની પ્રથમ વ્યાપાર રાઉન્ડટેબલ મુલાકાત ભારત- સાયપ્રસના  આર્થિક જોડાણના મહત્વને દર્શાવે છે.

(બાઇટ – નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી , EUROPE GATEWAY - 21 SECS)

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત દરિયાઈ અને બંદર વિકાસ, જહાજ નિર્માણ અને શિપબ્રેકિંગ જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, અને તેમને પ્રોત્સાહન આપવા માટે નવી નીતિઓ અમલ કરી રહ્યું છે.

(બાઇટ – નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી શિપબિલ્ડિંગ ફાઇનલ - 22 SECS)

શ્રી મોદીએ માળખાકીય સુધારાઓ દ્વારા ભારતના પરિવર્તન પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે GST ના અમલીકરણથી "એક રાષ્ટ્ર, એક કર" ની વિભાવના આવી, જ્યારે કોર્પોરેટ ટેક્સ દરોને તર્કસંગત બનાવવામાં આવ્યા અને હજારો જૂના કાયદાઓને રદ કરવામાં આવ્યા.

તેમણે કહ્યું કે છેલ્લા દસ વર્ષોમાં, ભારતમાં ડિજિટલ ક્રાંતિ જોવા મળી છે, શ્રી મોદીએ AI મિશન, ક્વોન્ટમ મિશન, સેમિકન્ડક્ટર મિશન, ક્રિટિકલ મિનરલ્સ મિશન અને ન્યુક્લિયર પાવર મિશન જેવા મુખ્ય મિશનનો પણ ઉલ્લેખ કર્યો હતો.. તેમણે સાયપ્રસ સ્ટોક એક્સચેન્જ અને ભારતના NSE વચ્ચે ગુજરાતના GIFT સિટીમાં સહયોગ કરવા માટેના કરારનું સ્વાગત કર્યું.

(BYTE- PM- GIFT CITY - 17 SECS)

# PM - CYPRUS - TALKS

ગઇકાલે સાયપ્રસમાં વ્યાપારી ગોળમેજી પરિષદમાં ભાગ લીધા બાદ આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નિકોસિયામાં સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ સાથે વાતચીત કરશે. બંને નેતાઓ શિક્ષણ, ડિજિટલ ભાગીદારી અને પ્રાદેશિક સુરક્ષા સહિતના વિવિધ મુદ્દે ચર્ચા કરશે. આ ચર્ચામાં ભારત-EU ભાગીદારી અને ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર જેવા વૈશ્વિક વિકાસ પર પણ ચર્ચા થશે. પ્રધાનમંત્રી મોદી રાષ્ટ્રપ્રમુખ નિવાસમાં તેમના સન્માનમાં આયોજિત સત્તાવાર ભોજન સમારોહ સાથે તેમની સાયપ્રસ મુલાકાતનું સમાપન કરશે.

સાયપ્રસથી, શ્રી મોદી કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીના આમંત્રણ પર G7 સમિટમાં ભાગ લેવા માટે કેનેડાના કનાનાસ્કિસ જશે. G7 સમિટ પછી, પ્રધાનમંત્રી મોદી ક્રોએશિયાની મુલાકાત લેશે અને રાષ્ટ્રપતિ ઝોરાન મિલાનોવિક અને પ્રધાનમંત્રી આન્દ્રેજ પ્લેન્કોવિક સાથે મુલાકાત કરશે.

# HOME MINISTER - CENSUS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ સચિવ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે આગામી વસ્તી ગણતરીની તૈયારીઓની સમીક્ષા કરી હતી. શ્રી શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે વસ્તી ગણતરીની ગેઝેટ સૂચના આજે પ્રસિધ્ધ કરાશે. વસ્તી ગણતરીમાં પ્રથમ વખત જાતિ ગણતરીનો સમાવેશ થશે. ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે 34 લાખ ગણતરીકારો અને નિરીક્ષક અને લગભગ 1.3 લાખ કાર્યકરો અત્યાધુનિક મોબાઇલ ડિજિટલ ગેજેટ્સનો ઉપયોગ કરીને કામગીરી કરશે.

વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં, જે ઘરયાદીની કામગીરી થશે. તેમાં દરેક ઘરની રહેઠાણની સ્થિતિ, સંપત્તિ અને સુવિધાઓની માહિતી એકત્રિત કરાશે. બીજા તબક્કામાં, ઘરદીઠ વ્યક્તિની વસ્તી વિષયક, સામાજિક-આર્થિક, સાંસ્કૃતિક અને અન્ય વિગતો એકત્રિત કરાશે. આગામી વસ્તી ગણતરી મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ડિજિટલ માધ્યમો દ્વારા થશે. લોકોને સ્વ-ગણતરીની જોગવાઈ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# PLANE CRASH - DNA SAMPLES

અમદાવાદમાં એર ઇન્ડિયા ફ્લાઇટ AI-171ની દુર્ઘટનાના ત્રણ દિવસ બાદ હોસ્પિટલ સત્તાવાળાઓએ DNA મેચિંગ ટેસ્ટ દ્વારા ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિતના 80 મૃતદેહોની ઓળખ કરી લીધી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના અધિક અધિક્ષક ડૉ. રજનીશ પટેલે પત્રકારોને માહિતી આપી હતી કે 33 મૃતદેહો તેમના પરિવારોને સોંપાયા છે.

(બાઇટ: ડૉ. રજનીશ પટેલ,અધિક અધિક્ષક, સિવિલ હોસ્પિટલ)

ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના દુ:ખદ અવસાન બાદ ગુજરાત સરકારે આજે રાજકીય શોક જાહેર કર્યો છે. જે અંતર્ગત રાજ્યભરની તમામ સરકારી ઇમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકશે. ગઈકાલે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં DNA મેચિંગ દ્વારા સ્વર્ગસ્થ નેતાના પાર્થિવ દેહની ઓળખ કરવામાં આવી હતી. આજે સાંજે રાજકોટ ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. વિજય રૂપાણીએ 2016 થી 2021 સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.

માત્ર ત્રણ મૃતક મુસાફરોના પરિજનો વિદેશમાં રહેતા હોવાથી હજુ સુધી તેમના DNA નમૂના આપ્યા નથી. તેઓ આવતીકાલે સાંજે અમદાવાદ પહોચે તેવી શક્યતા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NEW-PUNE-BRIDGE-COLLAPSE

મહારાષ્ટ્રના પુણેમાં કુંડમાલા ખાતે ઇન્દ્રાયણી નદી પરનો પુલ તૂટી પડવાની ઘટનામાં ચારના મોત થયા છે. આ ઘટનામાં છ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે, જ્યારે 38 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હાલમાં બચાવ કામગીરી ચાલી રહી છે. રાજ્ય સરકાર દ્વારા મૃતકોના પરિવારજનો માટે પાંચ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરવામાં આવી છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને એકનાથ શિંદેએ આ દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

# IRAN-ISRAEL-CONFLICT

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચોથા દિવસે પણ સંઘર્ષ યથાવત છે. લશ્કરી હુમલાઓમાં ઘણા લોકો માર્યા ગયા છે અને મોટા પાયે નુકસાન થયું છે. આ સંઘર્ષને રોકવા માટે આંતરરાષ્ટ્રીય રાજદ્વારી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે એક કટોકટી સત્ર બોલાવ્યું હતું. જેમાં ઈરાને ઈઝરાયલના હુમલાને યુદ્ધનું કૃત્ય ગણાવ્યું જ્યારે ઈઝરાયલે તેના હુમલાને કાયદેસર સ્વ-બચાવ ગણાવ્યો. જોકે કટોકટી સત્રમાં કોઈ ઉકેલ આવ્યો ન હતો.

યુરોપિયન નેતાઓએ રાજદ્વારી ઉકેલ લાવવાની હાકલ કરી છે. ઇઝરાયલે ઇરાનના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણપણે રોકવા માટે અમેરિકાને મદદ માટે અપીલ કરી છે.

# OIL PRICES - ASIAN MARKET

સપ્તાહના અંતે ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષમાં વધારો થયા બાદ એશિયાઈ વેપારમાં વૈશ્વિક ઇંધણના ભાવમાં વધારો થયો છે. વધતા તણાવને કારણે મધ્ય પૂર્વમાંથી તેલ નિકાસને વ્યાપકપણે અસર થઇ રહી છે. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ 2.3 ટકા વધીને 75 ડોલર અને 93 સેન્ટ પ્રતિ બેરલ થયા હતા જ્યારે યુએસ વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ ક્રૂડ ફ્યુચર્સ 2.2 ટકા વધીને 74 ડોલર અને 60 સેન્ટ પ્રતિ બેરલ થયા હતા. શુક્રવારે સાત ટકાના વધારા ઉપરાંત આ વધારો થયો હતો.

# MEA SURINAME

ભારતે સીડ્સ પહેલ હેઠળ પેશન ફ્રૂટ પ્રોસેસિંગ માટે મશીનરીની બીજી અને અંતિમ બેચ સુરીનામ મોકલી છે. વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આનો હેતુ સુરીનામના એસએમઈ ઉદ્યોગ અને ખેડૂતોની આવકને વેગ આપવાનો છે. આ પ્રોજેક્ટ ભારત-સુરીનામના દ્વિપક્ષી સંબંધોને મજબૂત બનાવશે.

# IMD - WEATHER

ભારતીય હવામાન વિભાગે દેશના પશ્ચિમ કિનારા પર ભારેથી અતિ ભારે વરસાદને લઇને રેડ એલર્ટની ચેતવણી જાહેર કરી છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક આર.કે. જેનામાનીએ જણાવ્યું કે, આગામી બે દિવસમાં દિલ્હી, હરિયાણા, પંજાબ અને ગુજરાતમાં તોફાની પવન અને વીજળી સાથે વાવાઝોડાની સંભાવના છે. તેમણે ઉમેર્યું કે, દિલ્હી સહિત ઉત્તર પશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાનમાં ગઈકાલે ભારે ઘટાડો થયો છે.

ડૉ. જેનામાનીએ ઉમેર્યું કે, ભારતના કોઈપણ ભાગમાં ચોમાસામાં કોઈ પ્રગતિ થઈ નથી પરંતુ કોંકણ, ગોવા અને દરિયાકાંઠાના કર્ણાટકમાં હજુ પણ ભારેથી અતિ ભારે વરસાદ વરસી રહ્યો  છે. તેમણે કહ્યું કે મોટાભાગના શહેરોમાં ગઈકાલે તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી નીચે રહ્યું  હતું.

# BOXING - NISHANT DEV

બોક્સિંગમાં, ભારતીય મુક્કાબાજ નિશાંત દેવે ન્યૂ યોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડન ખાતે સુપર વેલ્ટરવેઇટ મુકાબલામાં 60-54 થી જોસુ સિલ્વાને હરાવીને તેનો બીજો મૂકાબલો જીતી લીધો હતો. તાજેતરમાં જ 24 વર્ષીય ખેલાડીએ આ વર્ષે જાન્યુઆરીમાં પોતાની ડેબ્યૂ મેચમાં પ્રથમ રાઉન્ડના સ્ટોપેજ દ્વારા એલ્ટન વિગિન્સ સામે જીત મેળવી હતી.નિશાંતે 2024 પેરિસ ઓલિમ્પિક્સની ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવીને લોકપ્રિયતા હાંસલ કરી હતી જોકે તે મેક્સિકોના માર્કો વર્ડે સામે નજીવા અંતરથી હારી ગયો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

આજના અખબારોના મુખ્ય સમાચાર પર નજર

1) આજના અખબારોમાં અમેરિકામાં ટ્રમ્પ સામે વધતો રોષ, ભારતમાં દુર્ઘટનાઓનો સિલસિલો સહિતના સમાચાર પહેલા પેજ ઉપર વાંચવા મળી રહ્યા છે

અખબારો અનુસાર જોઇએ તો

2) ગુજરાત સમાચારે લખ્યું છે કે અમેરિકામાં ટ્રમ્પ શાસન સામે વધતો રોષઃ લાખો લોકો રસ્તા ઉપર ઉતર્યા

3) સંદેશ, નવ ગુજરાત સમય અને ફૂલછાબે દેશની દુર્ઘટનાઓના સમાચા લીધઆ છે જેમાં કેદારનાથમાં હેલીકોપ્ટર ક્રેશ થતાં સાતના મોતના સમાચાર હેડલાઇનમાં લીધી છે..

4) તમામ અખાબારોએ ઇરાન ઇઝરાયેલ સંઘર્ષના સમાચારને પણ પહેલા પેજ ઉપર સ્થાન આપ્યું છે. જ્યારે અમદાવાદમાં વિમાનની દુર્ઘટના બાદ ડીએનએ મેચ કરીને મૃતદેહો સોંપવાના સમાચારને પણ પ્રાધઆન્ય આપ્યુ છે.

5) રાજ્ય અને સ્થાનિક સમાચારમાં તમામ અખબારોએ છેલ્લા પેજ ઉપર વિમાનની દુર્ઘટનામાં અવસાન પામેલા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રપી વિજય રૂપાણીના આજે યોજનારા અંતિમ સંસ્કાર અને તેમની પ્રાર્થના સભા તેમજ એક દિવસના રાજકીય શોકમાં તમામ સરકારી સંસ્થાઓ ઉપર તિરંગો અડધી કાઠીએ ફરકાવવાના સમાચાર વાંચવા મળી રહ્યાં છે.